જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૬/૦૬/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૬૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૬૯ | ૩૩ | ૮૬૦૨ | ૧૪૬૭૯ | ૨૬ | ૧૪૭૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૩૧ | ૧ | ૪૨૩૨ | ૫૭૪૩ | ૧ | ૫૭૪૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૧ | ૦ | ૩૧ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૭૬૨ | ૨૬ | ૭૭૮૮ | ૮૭૭૨ | ૨૩ | ૮૭૯૫ |
| કુલ | | ૨૦૫૯૩ | ૬૦ | ૨૦૬૫૩ | ૨૯૩૯૩ | ૫૦ | ૨૯૪૪૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૬૬ | ૬૮,૮૦૦/- |

# અપહરણના ગુનાનો આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

## ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૮૫૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨) (એન) તથા પોકસો કલમ ૧૧(૬),૧૨,૫(એલ),૬મુજબના ગુનામા એક આરોપીને તથા ભોગ બનનાર બાળકીને ગણતરીના કલાકોમા યુ.પી થી પકડી પાડતી ઇસનપુર પોલીસ

ગઇ તા ૧૨/૦૬/૨૦૨૦ ના રોજ રાત્રીના દસ વાગે એક બહેન એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે આવી જાહેરાત કરેલ કે પોતાની સગીર વયની દિકરી ઉ.વ-૧૫ ને બે મહીનાની ગઈ તા.૧૧/૦૬/૨૦૨૦ નાં રોજ બપોરના બે ઘરેથી શેમ્પુ લેવા માટે જવાનુ કહીને ગયેલી અને તે એક કલાક થવા છતા ધરે પરત નહી આવતા પોતાના ઓળખીતા તથા સગા સબંધીઓને ત્યા તપાસ કરતા પોતાની દિકરીની કોઇ ભાળ મળેલ નહી અને તપાસ કરતા પોતાની દિકરીને ઇસનપુર ચાર રસ્તા બ્રીજ નીચે ચાની કિટલી ચલાવતો સંજય શ્રીરામદીન યાદવ રહે-કમલ મેડીકલ સ્ટોરની પાછળના ભાગે, ઇસનપુર અમદાવાદ શહેરનાનો ભગાડીને લઇ ગયેલ હોવાની હકિકત જાણવા મળેલ વિગેરે હકિકત જણાવતા સદરી બહેનની ફરીયાદ લઇ પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૮૫૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ **૩૬૩,૩૬૬ તથા પોકસો કલમ ૧૧(૬),૧૨,૫(એલ),૬** મુજબનો ગુનો દાખલ કરી ગુનાની તપાસ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબે સંભાળી લીધેલ

ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી ગંભીર પ્રકારના ગુના શોધી કાઢવા અને ભોગ બનનારને હેમખેમ છોડાવવા માટેની સુચના મળતી હોય જે સુચના આધારે સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓએ તાત્કાલીક સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ આર.આર.ગળચર તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના સ્ટાફના માણસોની જુદીજુદી ટીમો બનાવી જુદી-જુદી દિશાઓમા આરોપી તથા ભોગ બનનારની તપાસ કરી આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢવા માટે મોકલી આપેલ દરમ્યાનમા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ આર.આર.ગળચર તથા તેમની ટીમે ખાનગી રાહે તપાસ કરતા અને આરોપીને ઓળખતા ઇસમોને શોધી કાઢી તેઓની સઘન પુછપરછ કરતા આરોપીનો હાલનો મોબાઇલ નંબર મળેલ તથા પુછપરછ કરતા સદર આરોપી ગઇ કાલે વડોદરાથી ટ્રેનમા બેસી ઉત્તરપ્રદેશ જવા માટે રવાના થયેલ છે જેથી આરોપીના મોબાઇલ નંબરનુ તાત્કાલીક લોકેશન કઢાવતા મોબાઇલનુ રનીંગ લોકેશન કાનપુર

ઉત્તરપ્રદેશ તરફ્નો આવતા જેથી ગુગલ ઉપર સર્ચ કરી વડોદરા રેલ્વે સ્ટેશનનુ નંબર મેળવી ઉત્તરપ્રદેશ તરફની ટ્રેન બાબતે માહીતી મેળવતા ગઇ કાલે અમદાવાદથી વારાણસી ટ્રેન ઉપડેલ હોવાની હકિકત જણાવતા સદર આરોપીના નામથી આ ટ્રેનની કોઇ ટીકીટબુક છે કે કેમ તેની માહીતી માંગતા તેના નામે ટીકીટ કઢાવેલ હોવાની હકિકત જાણવા મળતા ગુગલ ઉપર સર્ચ કરી કાનપુર તથા લખનૌ રેલ્વે અધિકારીઓના મોબાઇલ નંબર મેળવી તેઓનો સંપર્ક કરી તથા લખનૌ પોલીસ કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરી આરોપીનુ વર્ણન તથા ભોગ બનનારનો ફોટો આપી આરોપી અમદાવાદથી ગઇ કાલ અમદાવાદ વારાણસી ટ્રેનમા રવાના થયેલ હોવાની હકિકત જણાવતા જે હકિકત આધારે આરોપી તથા ભોગ બનનારને લખનૌ રેલ્વે પોલીસે ટ્રેનમા તપાસ કરી આરોપી તથા ભોગ બનનાર મળી આવતા લખનૌ રેલ્વે પોલીસે ઓળખ માટે વોટ્સએપ વિડીયો કોલ કરી બતાવતા તે બન્નેને ઓળખી બતાવતા બન્નેને ટ્રેનમાથી ઉતારી લખનૌ રેલ્વે પોલીસ સ્ટેશનમા બેસાડેલ અને અત્રેથી તાત્કાલીક સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ આર.આર.ગળચર સાથે એક ટીમને લખનૌ રવાના કરી આરોપી તથા ભોગ બનનારને લખનૌથી અત્રે લઇ આવી ભોગ બનનારને મેડીકલ સારવાર માટે મોકલી આપી આરોપીનો કોરોનાનો રીપોર્ટ કરાવવા તજવીજ કરેલ છે આ સારી અને પ્રસંશનીય કામગીરી ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી કરેલ છે તા ૧૫/૦૬/૨૦૨૦

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## એકટીવા ચોરી તથા મોબાઇલ સ્નેચીંગના બે આરોપીઓને મુદ્દામાલ સાથે શોધી કાઢતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૦૮૩/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાના કામમાં ચોરીમાં ગયેલ એક એકટીવા જેનો RTO નં.GJ-01-CN-3792 જેનો ચે.નં.૨૮૦૫૮૩૪૨ તથા એ.નં.૦૦૫૯૫૬૪ જેની હાલ કિ.રૂ.૧૦,૦૦૦/-ગણી શકાય તે આરોપીઓ- (૧) કમલેશ ઉર્ફે કમલુ ઉર્ફે માટલો સ./ઓ.વિજયભાઇ નટવરભાઇ પટણી (માનવાળા) ઉ.વ.૨૦ રહે.ઇન્દીરાનગરના છાપરા,ઘોડા કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ શહેર તથા (૨) વિપુલ ઉર્ફે હોનજી ધના સ./ઓ.જયચંદભાઇ લાલુભાઇ પટણી (મેસણીયાવાળા) ઉ.વ.૧૮ માસ-૧ રહે.બાપાલાલ ગાંધીની ચાલી,ચમનપુરા સર્કલ પાસે,મેઘાણીનગર , અમદાવાદ શહેરનાઓને પુછપરછ કરતા ઉપરોકત ગુનાની તથા બંન્ને આરોપીઓએ તા.૧૧/૦૬/૨૦૨૦ સાંજના ચારેક વાગે ચોરી કરેલ એક્ટીવા લઇ મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ થઇ જતા હતા તે દરમ્યાન ચાલતા જતા એક ઇસમના શર્ટના ઉપરના ખિસ્સામા મુકેલ ઓપો કંપનીનો મોબાઇલ ફોન ખેચી લીધેલાનું જણાવતા હોય જે બાબતે તપાસ કરતા મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૨૦૩/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯(એ)(૩),૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી અત્રેના ગુનાના કામે તા.૧૫/૦૬/૨૦૨૦ ના કલાક.૧૮/૦૦ વાગે પકડી અટક કરી ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** (૧) કમલેશ ઉર્ફે કમલુ ઉર્ફે માટલો સ./ઓ.વિજયભાઇ નટવરભાઇ પટણી (માનવાળા) ઉ.વ.૨૦ રહે.ઇન્દીરાનગરના છાપરા,ઘોડા કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ શહેર તથા (૨) વિપુલ ઉર્ફે હોનજી ધના સ./ઓ.જયચંદભાઇ લાલુભાઇ પટણી (મેસણીયાવાળા) ઉ.વ.૧૮ માસ-૧ રહે.બાપાલાલ ગાંધીની ચાલી,ચમનપુરા સર્કલ પાસે,મેઘાણીનગર , અમદાવાદ શહેર

**મુદ્દામાલ ;-** (૧) એક એકટીવા જેનો RTO નં.GJ-01-CN-3792 જેનો ચે.નં.૨૮૦૫૮૩૪૨ તથા એ.નં.૦૦૫૯૫૬૪ જેની હાલ કિ.રૂ.૧૦,૦૦૦/- તથા (૨) એક ઓપો કંપનીનો મોબાઇલ રજુ કરતા જે મોબાઇલ વાદળી કલરનો જેનો IMEI નં.જોતા-૮૬૮૭૯૩૦૪૮૪૦૮૯૩૫ તથા ૮૬૮૭૯૩૦૪૮૪૦૮૯૨૭ નો છે.જેની આશરે કિ.રૂ.૮૦૦૦/- ગણી શકાય

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો પ્રદીપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો રાજેશભાઈ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧

**બાતમી આપનાર કર્મચારી :** અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.બ.નં.૪૬૧૮






# મોબાઇલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## સિવીલ હોસ્પિટલમાંથી કોરોના વાયરસના દર્દીઓના મોબાઇલ ચોરી કરનાર આરોપી તથા મુદ્દામાલ શોધી કાઢતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૦૮૭/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાના કામમાં ચોરીમાં ગયેલ એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન જેની કિંમત આશરે રૂ.૯૦૦૦/- ગણી શકાય તે આરોપી- જયંતીભાઈ ભવરલાલ જાતે વણઝારાઉ.વ.૨૫ રહે.શિવશક્તિનગર લાઇન નં.૭, પ્રેમ નગર,મેમ્કો , નરોડા રોડ શહેરકોટડા, અમદાવાદ શહેરનાએ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસના કારણે છેલ્લા દોઢેક મહિનાથી રાજદિપ કોન્ટ્રાકટમાં સાફ-સફાઇનું કિડની હોસ્પિટલમાં કામ મેળવી ઉપરોકત મોબાઇલ ચોરી કરી કબુલાત કરતા ઉપરોક્ત ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** જયંતીભાઈ ભવરલાલ જાતે વણઝારાઉ.વ.૨૫ રહે.શિવશક્તિનગર લાઇન નં.૭, પ્રેમ નગર,મેમ્કો , નરોડા રોડ શહેરકોટડા, અમદાવાદ શહેર

**મુદ્દામાલ ;-** એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન જેની કિંમત આશરે રૂ.૯૦૦૦/- ગણી શકાય

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;--**પો.સબ.ઇન્સ.એ.એ.વાઘેલા તથા પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો પ્રદીપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો રાજેશભાઈ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮



# તડીપાર આરોપીની અટાકયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## અમદાવાદ શહેર ,અમદાવાદ ગ્રામ્ય , ગાંધીનગર, ખેડા, મેહસાણા જીલ્લાઓમાંથી તડીપાર ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે આગામી રથયાત્રા અનુસંધાને તડીપાર ઇસમો ચેક કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે મે.મદદનીશ પોલીસ કમિ.શ્રી, 'ઈ'ડીવીઝન, અમદાવાદ શહેરના હદપારી હુકમ ક્રમાંક:'ઈ'ડીવીઝન/હદપ/૦૧/૧૮ તા.૨૬/૦૬/૧૮ ના હુકમ આધારે બજવણી તારીખથી બે વર્ષ માટે તડીપાર ઇસમ સિવીલ ગેટ નં.03 ખાતે મળી આવતા તા.૧૬/૦૬/૨૦૨૦ ના કલાક.૧૩/૧૦ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** મેહુલ ખેમચંદભાઈ રાણા ઉ.વ.૨૫ રહે-રણછોડપુરા શાંતીલાલ ધ્યાનદાસની ચાલી, સિવિલ હોસ્પિટલ ગેટ નં.૩ ની સામે, શાહીબાગ, અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૬૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૩૩૯ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૪,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૬૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૭૦/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** પ્રશાંતભાઇ ભરતભાઇ મકવાણા (ઉ.વ.૨૮) (રહે. ઇન્દીરાનગરના છપરાં કેમ્પ સદર બજાર, વણકરવાસ શાહીબાગ) તા.૧૫/૦૬/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર શીવાલીક કોમ્પલેક્ષની બાજુમા આવેલ આઇ.સી.આઇ.સી.આઇ.બેંક સામે ડ્રાઇવ ઇન સિનેમા નજીક રીક્ષામાં બેઠેલ હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષો પ્રશાંતભાઈ પાસે આવી બોલાચાલી કરી રીક્ષાનો કાચ તોડી નુકશાન કરી રીક્ષામા પડેલ પર્સમાંથી અંદાજે રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અને સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૪,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રશાંતભાઇ મકવાણાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૭૧/૨૦૨૦**

**માધવપુરાઃ** વિપુલ વિનોદકુમાર બોરદીયા (ઉ.વ.૨૮) (રહે. વૈભવ એપાર્ટમેન્ટ વિભાગ-૨, બોમ્બે ગેરેજ સામે શાહીબાગ રોડ) આંગડીયાનુ કામ કરતા હોઈ પૈસાની ઉઘરાણી કરી તા.૧૫/૦૬/૨૦૨૦ સાજના ૬/૦૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકના પાર્કીંગમાં પોતાનુ એક્ટીવા પાર્ક કરી રહ્યા હતા ત્યારે એક પેશન મોટર સાયકલ પર આવેલ બે પુરૂષે વિપુલ બોદરીયાને તેઓની પાસે બોલાવેલ અને લાઇટવાળા ભાઇનુ ઘર અહી છે તેમ પુછવા લાગેલ જેથી વિપુલ બોરદીયા એ કહેલ કે મને કંઇ ખબર નથી તેમ છતા તેઓ આડઅવળુ પુછવા લાગેલ અને વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવી મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ સાથે આવેલ અન્ય વ્યક્તિએ વિપુલભાઈના એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી આંગડીયાના ઉઘરાણીના કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦/- સાથેની થેલી લઈ ત્રણેય વ્યક્તિઓ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિપુલ બોરદીયાએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૭૨/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** લક્ષ્મીબહેન રચાભાઇ ભરવાડ (રહે. કુંભારપુરા વિનાયક બંગ્લોઝની બાજુમાં ઘાટલોડિયા) તા.૧૫/૦૬/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા રેલ્વે સ્ટેશન થી આંબલી રેલ્વે સ્ટેશન તરફ જતા રેલ્વે ટ્રેક પર પોલ નંબર-૫૦૮/૨૪ નજીક ટ્રેઈનની અડફટે આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**ભુલથી સેનેટાઈઝર પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૭૩/૨૦૨૦**

**ઓઢવઃ** ચિરાગ જેઠાજી પ્રજાપતિ (ઉ.વ.૨૬) (રહે.લાલજીભાઈની ચાલી વલ્લભનગર ઓઢવ) માનસીક રીતે બિમાર હોઈ તા.૦૪/૦૬/૨૦૨૦ બપોરના ૩/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે માનસીક બિમારીની દવા પીવાના બદલે સેનેટાઈઝર પી જતા લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૬/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૭૪/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** રવિભાઇ રમેશજી ઠાકોર રહે-ભમ્મરીયાના છાપરા સોલા બ્રીજ સોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરશીભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ** પુષ્ટીબહેન ડો/ઓફ તેજસભાઇ પટેલ (ઉ.વ.૧૫) (રહે. નૈમેષ સોસાયટી જલતરંગ બસ સ્ટેન્ડ પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઇ અરખાભાઇ ચલાવે છે.

**દરિયાપુરઃ** ઉર્વીબહેન વિનોદભાઈ પટેલ (ઉ.વ.૨૪) (રહે. મોટી હવેલીની પોળ દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશકુમાર હિમ્મતલાલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** હસમુખભાઇ ગોપાલભાઇ પટેલ (ઉ.વ.૩૧) (રહે.દુધવાળી ચાલી બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૦ કલાક ૬/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૬/૨૦૨૦ કલાક ૧૧/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીભાઇ મોતીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી